# ધોરણ - ૧૦

## વિષય – ગુજરાતી

## સ્વાધ્યાય

### પાઠ – ૨૨

# હિમાલયમાં એક માસ



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page No.
DATE: / /

# હિમાલયમાં એક સાહસ

લેખક :- જવાહરલાલ નહેરુ
અનુવાદક :- મહાદેવભાઈ દેસાઈ
પ્રકાર :- પ્રવાસ લેખ
સંદર્ભ :- 'મારી જીવનકથા' માંથી

## શબ્દ સમજૂતી

નિર્જન - માણસ વિનાનું, સૂનું
નકરો - ફક્ત, માત્ર
કૂચ કરવી - ચાલવું, આગળ વધવું
શિખર - પર્વતનો ટોચનો ભાગ
હિમ - અતિશય ઠંડી, બરફ
મુકુટ - માથે પહેરવાનું સાધન
પ્રપાત - ધોધ
વેરાન - ઉજ્જડ
આહ્લાદ - હર્ષ, આનંદ
અફાટ - ખૂબ વિશાળ
ખોભણ - ખો, ગુફા (અહીં) ખાડો
યુવાવસ્થા - યુવાનીની અવસ્થા
લાલસા - ઈચ્છા
ગિરિવર - પર્વતોમાં શ્રેષ્ઠ હિમાલય

## વિરુદ્ધાર્થી શબ્દો

નિર્મળ x મલિન
વિશાળ x સંકુચિત
ભવ્ય x સામાન્ય
પ્રસન્ન x ઉદાસ
દૃશ્ય x અદૃશ્ય
સુરક્ષિત x અસુરક્ષિત

Good
Good
Perfect

Scanned with OKEN Scanner

## શબ્દસમૂહ માટે એક શબ્દ

શરીરે મોટું પણ અક્કલમાં ઓછું - જડસુ
હિમાલયમાંથી નીકળતી ખૂબ ઠંડા પાણીના પ્રવાહવાળી નદી - હિમનદી
રસ્તાનો જાણકાર - ભોમિયો
કુદરતનું સુંદરધામ - પ્રકૃતિમંદિર
બરફથી ઢંકાયેલું - હિમાચ્છાદિત
વહેતા પાણીમાં થતું કુંડાળું - વમળ
જ્યાં જવાનું ધાર્યું છે તે સ્થાન - ગમ્ય સ્થાન
રાજકારણને લગતું કાર્ય - રાજકાજ
અડધી ઉંમરે પહોંચેલું - આધેડ

## રૂઢિપ્રયોગ

થાકીને લોથ થઈ જવું - અતિશય થાકી જવું
કંઠે પ્રાણ આવવા - ખૂબ જ મુશ્કેલ કાર્ય હોવું
હાંજા ગગડી જવાં - ખૂબ ગભરાઈ જવું
ઘોડા ઘડવા - આયોજન કરવું, વિચારવું

## સ્વાધ્યાય

1) સાંકડી અને નિર્જન ખીણમાં ફરવાનો લેખકનો -
→ પ્રથમ અનુભવ હતો.

2) હિમનદી ઓળંગવાના સાધનોના અભાવને કારણે
→ પાછા ફર્યા

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



2\. 1) પ્રવાસમાં લેખકની કયા સ્થળે જવાની ઈચ્છા હતી ?
→ પ્રવાસમાં લેખકની માનસરોવર જવાની ઈચ્છા હતી.

2) પ્રવાસમાં લેખકની સાથે કોણ હતું ?
→ પ્રવાસમાં લેખકની સાથે પિતરાઈ ભાઈ તેમજ મજૂરો સાથે નાની ટુકડી હતી.

3) ખીણમાં પગ લપસ્યા છતાં લેખક કેવી રીતે બચ્યા ?
→ ખીણમાં લેખકના પગ લપસ્યાં; પરંતુ સૌ એકબીજા દોરડાની સાંકળથી સંકળાયેલા હતા. આથી આ દોરડાએ તેમને પકડી રાખ્યા. પોતે ખીણની એક બાજુને વળગી રહ્યા અને સૌએ મળીને એમને ખેંચી કાઢ્યા. આ રીતે તેઓ બચી ગયા.

3\. 1) પાઠને આધારે હિમાલયની સાહસ યાત્રાનું વર્ણન કરો.

જવાહરલાલ નેહરુએ તેમના એક પિતરાઈ ભાઈ, એક નાનકડી ટુકડી, ભાર ઊંચકવા માટે મજૂરો તથા એક ભોમિયા સાથે હિમાલયની યાત્રા કરવાનું સાહસ ખેડ્યું. અફાટ હિમ-સમૂહથી ઢંકાયેલો એક જબરદસ્ત પહાડ ઓળંગવા માટે સૌપ્રથમ દોરડાની સાંકળ બનાવી પછી આ દોરડાની સાંકળ સાથે સૌ એકબીજા સાથે સંકળાઈને અનેક હિમનદીઓ ઓળંગીને ઉપર ચડતા ગયા, પણ શ્વાસ લેવામાં મુશ્કેલી પડવા લાગી. મજૂરો પાસે બહુ ભાર નહોતો છતાં તેમને ઊલટીઓ થવા લાગી. હિમ પડવાથી હિમનદીઓ લપસણી થઈ ગઈ. સૌ થાકીને લોથ થઈ ગયા હતા, તોપણ હિંમત કરીને આગળ વધતા ગયા. બાર કલાકના સતત ચઢાણને અંતે નજર સામે એક વિશાળ હિમસરોવર દેખાયું. હિમાચ્છાદિત શિખરોથી વીંટળાયેલું એ ભવ્ય દૃશ્ય દેવીના મસ્તક ઉપર મુકુટ જેવું લાગતું હતું. હવે પેલે પાર આવેલી ગુફાઓ સુધી પહોંચવાનું હતું. એને માટે હિમસરોવર ઓળંગવું પડે; પરંતુ રસ્તામાં અનેક જગ્યાએ હિમ-નદીઓમાં મોટી ખીણો આવતી. તાજું હિમ પડવાથી ખીણ ન દેખાતાં લેખક છેતરાયા અને પગ મૂક્યો ત્યાં તો બરફ ધસી પડ્યો. તેઓ ભયાનક અને પહોળી ખીણમાં લપસ્યા. તેઓ ખીણની એક તરફ વળગીને ઊભા રહ્યા અને દોરડાએ તેમને પકડી રાખ્યા, પછી સૌએ સાથે મળીને એમને ખેંચી લીધા.

2) લેખકે વર્ણવેલું હિમાલયનું સૌંદર્ય તમારા શબ્દોમાં લખો.

ઓજીલા ઘાટ તરફની સાંકડી ખીણમાં આગળ ને આગળ ચાલો તો બંને બાજુ પહાડો ઊભા હતા. તેમનાં શિખરો ઉપર હિમનો મુકુટ ચળકી રહ્યો હતો. હિમના નાના

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



નાના પ્રપાતો લેખક તથા એમની ટુકડીનું સ્વાગત કરવા માટે અતિ મંદ ગતિએ ઊતરી રહ્યા હતા. પવન ઠંડો અને આકરો હતો, પણ હિમને સૂરજનો મધુર તડકો માણવા મળે અને હવા નિર્મળ હતી. આગળ જઈએ તો હિમાલયની આસપાસનાં વૃક્ષો અને વનસ્પતિ અદૃશ્ય થઈ જાય, પછી માત્ર ખડક, હિમ અને બરફ, ક્યાંક ક્યાંક પુષ્પો દેખાય. આ જંગલી અને વેરાન પ્રકૃતિમંદિરો જોઈને સંતોષ થાય. સતત ચઢાણ ચઢો તો નજર સામે એક વિશાળ હિમસરોવર દેખાય. હિમાચ્છાદિત શિખરોથી વીંટળાયેલું આ ભવ્ય દૃશ્ય દેવોના મસ્તક ઉપર મુકુટ જેવું લાગતું હતું.

3) પ્રવાસ અધૂરો મૂકીને આવવું પડ્યું તે તમને યોગ્ય લાગ્યું કે નહિ તે કારણો સાથે જણાવો.

પ્રવાસ અધૂરો મૂકીને પરત આવવું પડ્યું તે મને યોગ્ય જ લાગ્યું; કારણ કે રસ્તામાં ઠેકઠેકાણે ખીણોની સંખ્યા અને તેની વિશાળતા વધતી જતી હતી. એને ઓળંગવામાં જોખમ હતું. તેમની પાસે પૂરતી સાધનસામગ્રી નહોતી. વારંવાર હિમ પડવાને લીધે હિમનદીઓમાં ખીણ દેખાતી નહિ. આથી પગ લપસવાની પૂરી શક્યતા હતી. એટલે આવું ખોટું સાહસ કરવા જતાં પ્રાણ જાય એના કરતાં પ્રવાસ અધૂરો મૂકીને પરત આવવામાં જ સૌનું ભલું હતું.

Scanned with OKEN Scanner

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
shikshansagar.com · The King of Education


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સએપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION